ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના હંગામી મહેકમની જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/GTA/e-file/17/2022/3207/A Section,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/૦૨/૨૦૨૩

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૬/૦૩/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ ક્ર.: સશપ/૧૪૨૦૧૧/૧૫૯૧૯૪/અ

(૨) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો તા.૨૩/૧૨/૨૦૨૨નો પત્ર કમાંક: ગુઠાકોવિનિ/વહટ/૨૦૨૨-૨૩/૧૫૭૩૭

આમુખ:

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના વિભાગના તા.૧૬/૦૩/૨૦૨૧ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમની મંજૂર હંગામી મહેકમની ૧૩ જગ્યાઓ તથા આઉટસોર્સની ૩ જગ્યાઓની સેવાઓને તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના તા.૨૩/૧૨/૨૦૨૨ના પત્રથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરની હંગામી મહેકમની કુલ-૧૩ જગ્યાઓને અને આઉટસોર્સીગની કુલ-૩ જગ્યાઓની સેવાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા નિગમે દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરની મહેકમની નીચે મુજબની કુલ-૧૩ જગ્યાઓને નીચે જણાવેલ શરતોને આધિન તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી પશ્ચાતવર્તી અસરથી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેકટર | ૧ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) | ૧ |
| ૩ | જુનીયર કલાર્ક (વર્ગ-૩) | ૧ |
| ૪ | કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર (આઉટસોર્સિંગ) | ૪ |
| ૫ | પ્રોજેકટ કન્સલ્ટન્ટ (આઉટસોર્સિંગ) | ૧ |
| ૬ | વસુલાત અધિકારી (આઉટસોર્સિંગ) | ૧ |
| ૭ | ડ્રાઈવર (આઉટસોર્સ) | ૧ |
| ૮ | પટાવાળા (આઉટસોર્સિંગ) | ૩ |
| | કુલ | ૧૩ (તેર) |

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરની હંગામી જગ્યાઓ પૈકીની હિસાબી અધિકારી વર્ગ-૨ની ૦૧ જગ્યા અને અધિક્ષકની ૦૧ જગ્યાને એબેયન્સમાં મુકવામાં આવે છે અને ડ્રાઈવર(આઉટસોર્સ)ની ૦૧ જગ્યાને રદ્દ કરવામાં આવે છે.

<u>શરતો:-</u>

(૧) આ જગ્યા અંગેનું ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨માં આ હેતુ માટે વખતો વખત છૂટી થનાર ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૨) આ જગ્યા જે હેતુ માટે ઊભી કરેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(3) ખાલી જગ્યા અંગે નાણાં વિભાગની વખતો વખતની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) ઉપરની જગાઓ પૈકી ૧ વર્ષ કે તેથી વધુ સમયથી ખાલી જગા એબેયન્સમાં મૂકવાની રહેશે તથા આ જગાઓ પર નિમણૂંક કરતાં પહેલા નાણા વિભાગ (કરકસર પ્રભાગ)નો પરામર્શ કરી આ જગ્યાઓ પુન:જીવિત કરાવી લેવાની રહેશે

(૫) ઉપરની જગાઓ પૈકી ૩ વર્ષ કે તેથી વધુ સમયથી ખાલી જગા રદ કરવાની રહેશે.

(૬) ડ્રાઈવર તથા પટાવાળાની સેવા સમાપ્ત થયા બાદ આ જગ્યાઓની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ અન્વયે આઉટસોર્સથી કરવાની રહેશે.

(૭) આઉટસોર્સિંગથી જગ્યાઓ ભરવાના ધોરણો અનુસાર સેવાઓ લેવાની રહેશે. તેમજ આ બાબતે સરકારશ્રીની આઉટસોર્સ અંગેની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ જગ્યાની સેવાઓ લંબાવવાની જરૂર જણાય તો નાણાં વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે. આ જગ્યાઓની મુદત પુરી થવાના ચાર માસ પહેલા જગ્યાઓ ચાલુ રાખવાની દરખાસ્ત કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૩/૦૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: Chiragkumar Rasikbhai Patel
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 01-Mar-2023 (11:24 AM)

(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર. (નિગમ મારફતે)
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર--- વિભાગની

વેબસાઈટની પર મૂકવાની વિનંતી સહ.

- શાખા સિલેક્ટ ફાઈલ.